**એડવર્ડ જી. બ્રાઉન:**

- કેમ્બ્રિજ વિદ્યાલયના અરબી અને પૌર્વાત્ય અધ્યયનના અધ્યાપક.

◆ ‘‘કરબલાની રક્તથી રગડાયેલી ભૂમિ પર તૃષાથી પીડિત અને સ્વજનોના શબોથી ઘેરાયેલા અલ્લાહના દૂતના નવાસા શહિદ થયા તેની યાદ માત્રથી જન્મતી અધાગ ભાવુક્તા, ગહન વેદનાની પરાકાષ્ટતા અને આધ્યાત્મિકતાની અદમ્ય લાગણી સામે યાતના, ભય અને મૃત્યુની કંઇ વિસાત નથી.’’

(એ લીટરરી હિસ્ટ્રી ઑફ પર્શીયા, લંડન, ૧૯૧૯, પૃ.૨૨૭)

**ઈગ્નાઝ ગોલ્ડઝીહર (૧૮૫૦-૧૯૨૧):**

- વિખ્યાત હન્ગેરીયન ભાષાશાસ્ત્રી

◆ ‘‘કરબલાના કાળાદિનથી આપરિવાર પર થયેલા અન્યાય અને અત્યાચારનો ઈતિહાસ અવિરતપણે વર્ણવાય છે. આ વર્ણનો શહાદતના ઉચ્ચકોટીના આહિત્યનાં ગધ અને પધના રૂપમાં થાય છે. શીયાઓની આ વિશેષતા છે. મહોર્રમના પ્રથમ ૧૦ દિવસ દરમ્યાન શીયા સમૂહમાં આ મૂખ્ય વિષય હોય છે ૧૦મો દિવસ (આશુરા) કરબલાની કરૂણ ઘટનાની સંવત્સરી તરીકે મનાવાય છે. આ યાદગાર દિને તાજિયાના રૂપમાં કરબલાના દષ્યો પ્રસ્તુત કરાય છે. અલીના પરિવાર પર થયેલા જુલ્મ સિતમ પર શોક પ્રદર્શિત કરવા તેઓ રડે છે અને માતમ કરે છે. શીયાઓના અશ્રુ કરતાં એક અરબી કહેવત અધિક સંવેદશીલ બની ગઈ છે.’’

(ઈન્ટ્રોડકસન ટુ ઈસ્લામીક થીયોલોજી એન્ડ લો. પ્રિન્સટન, ૧૯૮૧ પૃ. ૧૭૯)

**ઍડવર્ડ ગીબ્બન (૧૭૩૭ - ૧૭૯૪):**

- તેના યુગનો સર્વ શ્રેષ્ઠ બ્રીટીશ ઈતિહાસકાર

◆ ‘‘આવતા યુગમાં અને વાતાવરણમાં હુસેનની શહાદતના કરૂણ દ્રશ્ય કઠોર વાંચકના હૈયાને પલ હલબલાવી નાખશે.’’

(ધી ડીકલાઈન ઍન્ડ ફોલ ઑફ રોમન ઍમ્પાયર લંડન, ૧૯૧૧, ગ્રંથ ૫, પૃ.૩૯૧-૨)

***ઈમામ હુસૈન અને કરબલાની કરૂણતા વિષે***
***વિશેષ માહિતી માટે:***

***http://al-islam.org/faq/***

**અલ્લાહના માર્ગમાં શહીદ થયેલાઓને મૃત્યુક ન માનો! તેઓ જીવીત છે અને તેમના સર્જકથી પોષણ પ્રાપ્ત કરી રહ્યા છે.**

(કુરઆન ૩ : ૧૬૯)

## પયગંબર મહમ્મદ (સ.અ.)ના ત્રીજા વારસદાર

# શહીદે આઝમ

# હુસેન

## (બંને પર કૃપા અને સદ્‌ભાવ હજો)

# વિષે બીન-મુસ્લીમો શું કહે છે?

ઈમામે હુસેન (અ.) પયગંબર મહમ્મદ (અ.સ.) ના નવાસા હતા. જગતભરના વિશાળ અને વિવિધ બીન-મુસ્લીમ મહાનુભાવોના આપ વિષેના મંતવ્યોનો આ લઘુસંગ્રહ છે.

## પીટર જે. ચેલ્કોવ્સકી:

- ન્યુયોર્ક વિદ્યાલયના મધ્યપૂર્વ વિસ્તારના અધયનના અધ્યાપક.

◆ ‘‘હુસેન આમંત્રણ સ્વીકારી તેના પરિવાર અને ૭૦ સાથીઓના કાફલા સાથે મક્કાથી રવાના થયા. પરંતુ કરબલાની ધરતી પર ખલીફા યઝીદે રચેલા ષડયંત્રમાં ફસાયા. હાર નિશ્ચિત હતી. હુસેને તેની શરણાગતિનો અસ્વીકાર કર્યો. શત્રુઓથી ઘેરાયેલા હુસેન અને તેના સાથીઓએ કરબલાના ધૂમ ધકતા રણમાં દસ દિવસ વિતાવ્યા. અંતે યઝીદની સેનાએ તલવાર અને તીરોથી હુસેન. પુત્રો, પરિવારના થોડા પુરૂષ પૂત્રો અને સાથીઓના ટુકડા કર્યા. આપની મહિલાઓ અને બચેલા બાળકોને કેદ કરી દમાસ્કસમાં યઝીદ સમક્ષ હાજર કરવામાં આવ્યા. વિખ્યાત ઈતિહાસકાર અબુ રેહન અલ બીરૂની કહે છે પછી તેમની છાવણીને આગ ચાંપવામાં આવી અને શબોને અશ્રોની એડીઓથી છૂદવામાં આવ્યા. માનવ ઈતિહાસમાં આવા અત્યાચારોનો જોટો ગોત્યે જડતો નથી.’’

(તાઝીયા, રીચ્યુઅલ એન્ડ ડ્રામા ઇન ઇરાન, ન્યુયોર્ક, ૧૯૭૯, પૃ. ૨)

## સાયમન ઓકલી (૧૬૭૮-૧૭૨૦):

- કેમ્બ્રીજ વિદ્યાલયમાં અરબીના અધ્યાપક

◆ ‘‘પછી હુસેન ઘોડાપર સવાર થયા. કુરઆન લીધુ અને પોતાની સામે રાખી લોકો સમક્ષ આગળ વધી તેમને તેમના કર્તવ્યો નિભાવવા આહ્વાન આપતા વધાઃ એ અલ્લાહ મારી દરેક વિટંબણામાં મને તારા પર આસ્થા છે. સંકટોમાં તુજ મારા તારણહાર. પછી આપની શ્રેષ્ઠતા, મહાન માવિત્રો, વિધ્યતા અને ઉચ્ચકુળની યાદ તાજી કરાવતા બોલ્યાઃ નિર્ણયકારો શું નારા જેવી વ્યક્તિ તમારાથી ઉચ્ચ નથી? તમારા પયગંબરની પૂત્રીનો હુ પૂત્ર છુ. અલી મારા પિતા હતા. શહિદોના સરદારો જાફર અને હમઝા બને મારા કાકા હતા. અલ્લાહના દૂતે (આપ પર આશિર્વાદ હજો) ફરમાવ્યુ હતુ કે હું અને મારા બંધુ સ્વર્ગના યુવાનોના સરદારો છીએ. મારામાં સમજણ આવી ત્યારથી નિશ્ચિત પણે માનું છુ કે અલ્લાહ જુઠથી નફરત કરે છે. અને હું ક્યારે પણ જુઠું બોલતો નથી. તેથી હું કહુ છુ કે માંનો, તમોને મારા પર વિશ્વાસ ન હોય તો અલ્લાહના દૂતના સંગાથીઓને પૂછો (અહીં આપ તેમના નામો ગણાવે છે) તેઓ તેમજ કહેશે. હું જ્યાથી આવ્યો છુ ત્યાં મને પાછો જવાદો. તેઓએ પૂછયું : તમારા બાકીના સ્નેહીઓ આપ પર હકુમત ચલાવે તો શું વાંધો છે. આપે ઉત્તર આપ્યો : આવી નામોશી ભરી રીતે મારા અધિકારો જતા કરૂ તો અલ્લાહ મને ક્ષમા નહીં કરે. હિસાબના દિવસમાં આસ્થા ન રાખનાર પ્રત્યેક અત્યાચારી માટે અલ્લાહ મારો આધાર છે.’’

(ધી હિસ્ટ્રી ઑફ સેરસન્સ, લંડન, ૧૮૯૪, પૃષ્ઠ ૪૦૪-૦૫)

## રેનોલ્ડ ઍલીન નીકલસન (૧૮૬૮-૧૯૪૫):

- કેમ્બ્રીજ વિદ્યાલયમાં અરબીના પ્રધ્યાપક

◆ ‘‘હુસેન એક તીરથી શહિદ થયા અને આપના સર્વે શૂરવીર સાથીઓની હત્યા કરવામાં આવી. જૂજ અપવાદો સિવાય મુસ્લીમો ઉમય્યાદ વંશને શત્રુ માને છે. હુસેનને શહિદની અંજલિ અર્પે છે અને યઝીદને હત્યારા તરીકે વખોડે છે.’’

(એ લીટરરી હિસ્ટ્રી ઑફ અરબ્સ, કેમ્બ્રીજ, ૧૯૩૦, પૃષ્ઠ ૧૯૭)

## રોબર્ટ દુરી ઑસ્ટબોર્ન (૧૮૩૫-૧૮૮૯):

- બંગાળ સનાના મેજર

◆ ‘‘હુસેનને અબદુલ્લા (અસગર) નામે એક વર્ષિય બાળક હતું. તે પણ તેના પિતાશ્રીના કષ્ટદાયી પ્રવાસમાં સાથે હતુ. તેના રૂદનથી દ્રવિત થઈ આપ તેને બાહુમાં લઈ રડવા લાગ્યા. આજ ક્ષણે શત્રુઓમાંથી અકે તીરથી બાળકનો કાન વિંધિ નાખ્યો અને તે પિતાના હાથમાંજ શહીદ થયું. હુસેને નાનો મૃત્યુદેહ જમીન પર મૂક્યો : અમે અલ્લાહ તરફથી આવ્યા છીએ અને તેના તરફ પાછા ફરીશું. આપ વિલાપ કરતાં બોલ્યા : ઓ અલ્લાહ આ સદમો સહેવાનુ મને બળ આપ જલ વિના બેભાન થતા જખ્મોથી પીડાતા, મરણિયા થઈ આપે ઘણાને મોતને ઘાટ ઉતાર્યા. આપ પર પાછળથી હુમલો આવ્યો. ભાલુ ફેકનારે તે પાછું કાઢયું અને અલીના કમનસીબ લાલ એક મૃત્યુ દેહ પર પટકાયા. આપનું માથુ ધડથી જુદુ કરવામાં આવ્યુ અને વિજેતાઓના અશ્રોના દાબડાથી ધડ છૂંદી નાખવામાં આવ્યું. બીજી સવારે મહિલાઓ અને બચેલા શિશુ પૂત્રને કુફા લઈ જવામાં આવ્યા. શહિદોના સ્થળે હુસેન અને સાથીદારોના શબો અંતિમ વિધિ વગર રઝડતા રહ્યા. ત્રણ દિવસ સુધી દિવસના ધોમ તડકામાં અને રાત્રિની કાતિલ ઠંડીમાં સબળતા તેમના દેહો પંખીઓ ખાતા રહ્યા. બાજુના ગ્રામવાસીઓને પયગંબરના નવાસા અને આપના શૂરવીર સાથીઓના દેહોની બેઅદબીની ભયાનકતાનું ભાન થયું ત્યારે તેઓએ આબૈદલલ્લાહ ક્રોધનો સામનો કરી શહિદોના શબો માટી ભેગા કર્યા.’’

(ઇસ્લામ અન્ડર ધી અરબ્સ, ડેરવેલ, ૧૯૭૬, પૃષ્ઠ ૧૨૬-૭)

## સરવિલિયમ મુઈર (૧૮૧૯ - ૧૯૦૫):

- સ્કોટીશ વિદ્વાન અને રાજનિતીજ્ઞ, ભારત સરકાર માટે ભૂતપૂર્વ વિદેશ પ્રધાન અને વાયવ્ય ઈલાકાના પ્રતિનીધી

◆ ‘‘કરબલાની કરૂણ ઘટનાએ માત્ર જગતમાંથી બીલાફતના નામો-નિશાનનો વિનાશજ નહીં. મહમ્મદના પંથનું ભાવિ નિમાર્ણ કર્યું હતું.’’

(અન્નલ્સ ઑફ અલી કેલીપથ, લંડન, ૧૮૮૩, પૃષ્ઠ ૪૪૧-૨)